## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**આ ગંભીર ઘટના બાદ અમે તાત્કાલીક પગલા લીધા છે. ભોગ બનનાર લોકો પાસે કોઇ માહિતી કઢાવી ન જાય માટે હોસ્પિટલમાં બાઊન્સર ગોઠવી દીધા છે. અધિકારીઓને પત્રકાર સાથે વાતચીત ન કરવા તાકીદ કરી છે. સાથો સાથ ગુનેગારમાં ચમરબંધીને પણ છોડવામાં નહી આવે તે ઘોષણા કરી દીધી છે.!!!**



આપણી સંસ્કૃતિમાં ગાયનું અનેરૂ મહાત્મ્ય છે. વાર તહેવારે ગાય માતાની પૂજા કરવામાં આવે છે. પરંતુ આપણી કમનસીબી એ છે કે ગાયમાતાને કચરામાંથી પોતાનો ખોરાક શોધવો પડે છે. પશુપાલકો ગાયને છુટી મુકી દે છે એટલે તેમને ગમે ત્યાંથી ખોરાક શોધવો પડે છે. સેક્ટર-૩૦માં વીર સાવરકરનગર વસાહત પાસે કચરાપેટીમાંથી એક ગાય ખોરાક શોધતી નજરે ચઢે છે.

# ઈન્ફોસીટીની વિવિધ હોટલમાંથી તંત્ર દ્વારા ૭ બાળ મજૂર મુકત કરાયા

**બચપન બચાવો આંદોલન સંસ્થાની ફરીયાદને અનુલક્ષી ઈન્ફોસીટી વિસ્તારમાં દરોડા, બાળકો પાસે મજુરી કામ કરાવતા ૭ શખ્સો સામે કાર્યવાહી**

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વારે આવેલ ઈન્ફોસીટી સુપરમોલ-૧ ખાતે કેટલાક સ્થળો પર બાળ મજુરીના કાયદાનો ભંગ કરવામાં આવે છે. કેટલાક હોટલ સંચાલકો દ્વારા બાળકો પાસે મજુરી કરાવી આર્થિક શોષણ કરવામાં આવી રહ્યું છે. તેવી ફરીયાદ બચપન બચાવો આંદોલન નામની સામાજીક સંસ્થાને મળી હતી. જેથી સીઆઈડી ક્રાઈમના એચ.ટી. સેલ ટીમે દરોડો પાડી સાત બાળ મજુરોને મુકત કરાયા હતા.જયારે હોટલના સંચાલકો સહિત ૭ વ્યકિત સામે ફરીયાદ નોંધાઈ હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બચપન બચાવો આંદોલન નામની સ્વૈચ્છીક સંસ્થાના સ્ટેટ કોર્ડીનેટર દામીની બહેન પટેલ, ફ્રેન્ડસ ફોર વુમન એન્ડ ચાઈલ્ડના વોલેન્ટીયર ઉમેશ રાઠોડ સીઆઈડી ક્રાઈમ અને રેલ્વેઝ, મહિલા અને બાળમિત્રની ટીમને ઈન્ફોસીટી સુપર મોલ ખાતે વિવિધ જગ્યા પર ચાલી રહેલી હોટલ, રેસ્ટોરન્ટમાં નોકરી કરતા અન્ય રાજયના બાળ મજુરો મળી આવ્યા હતા.હોટલ સંચાલકો બાળમજુરોને રાખી તેમની પાસે મજુરી કરાવતા હોવાની બાતમી મળી હતી. જેથી સીઆઈડી ક્રાઈમના એ. એચ. ટી. સેલના પીએસઆઈ આર .ટી. વ્યાસ, એન.એ.રાયમા સ્ટાફના કર્મચારીઓ સાથે ગઈકાલે ઈન્ફોસીટી ખાતે આવીને સુપરમોલ-૧ દુકાન નં.૧ ખાતે ચાલી રહેલા ઝાયકા રેસ્ટોરન્ટમાં દરોડો પાડ્યો હતો. ઝાયકા રેસ્ટોરન્ટમાંથી બિહારનો વતની ૧૬ વર્ષિય બાળક મળી આવ્યો હતો. પોલીસની પ્રાથમિક પુછપરછમાં સગીરને મહિને રૂ.૭ હજાર પગારથી હોટલ મેનેજર મોહમદ સાહીલ હુસેન સાફી દ્વારા નોકરી રાખી મજુરી કામ કરાવવામાં આવતુ હોવાનું અને કોલકતા રહેતા અમિત દાસ હોટલના માલિક હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ સુપરમોલ-૧ ખાતે દુકાન નં-૩ અને ૪ ચાલતુ સાબર ફ્રાય સેન્ટર ખાતે જઈ ચેક કરતા તેમાંથી ૧૨ અને ૧૬ વર્ષના મળી ત્રણ બાળ મજુર મળી આવ્યા હતા. જયારે ત્રણ બાળ મજુર પાસે મેનેજર મોહમદ તારીક આલમે મજુરી કામ કરાવીને રેસ્ટોરન્ટનો માલિક મોહમદ આલમ શેખ આર્થિક શોષણ કરતો હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે દુકાન નં-૫ ખાતે ચાલી રહેલા યશ ફાસ્ટફુડ માંથી પણ ૧૬ વર્ષિય બાળ મજુરી મળી આવ્યો હતો. રેસ્ટોરન્ટ માલિક બહાદુરસિંગ ગંભીરસિંગ રાઠોડ (રહે.પંચલાશા તા.સાબલા, જી-ડુંગરપુર) મજુરી કામ કરાવતા ઝડપાઈ ગયા હતા. ઈન્ફોસીટી ખાતે ટીમે મિર્ચ મસાલા ખાતે પણ દરોડો પાડતા સગીર વયના બે બાળ મજુર મળી આવ્યા હતા. જેમાં કોન્ટ્રાકટર હિમાન્શુગીરી શાંતિગીરી ગોસાઈ મજુરી કામ કરાવતા હોવાનું ધ્યાને આવ્યું હતું. નેપાળના સગીરને માત્ર રૂ.૯૫૦૦ પગાર આપવામાં આવતો હતો અને તેનું શોષણ કરવામાં આવતુ હતું જયારે હોટલ માલિક રાકેશ ઠકકર હોવાનું સગીરોએ જણાવ્યું હતું. ત્યારે તંત્ર દ્વારા તમામ મોહમદ સાહીલ હુસેન સાફી, અમિત દાસ, મોહમદ તારીક આલમ, મોહમદ આલમ શેખ, બહાદુરસિંગ ગંભીરસિંગ રાઠોડ, હિમાંશુગીરી શાંતિગીરી ગોસાઈ અને રાકેશ ઠક્કર સહિતના હોટલ સંચાલકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## નવાપુરા ગામે બંધ મકાનમાંથી ચોરી કરનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના ડભોડા નજીક નવાપુરા ગામે આજથી ચારેક દિવસ અગાઉ બંધ મકાનમાંથી રૂ.૧.૯૮ લાખની કિંમતના સોના ચાંદીના દાગીનાની ચોરી કરનાર શખ્સને એલસીબી પોલીસે સેકટર-૩૦ ખાતેથી ઝડપી લેવામાં આવ્યો છે. જયારે અમદાવાદ થી ડભોડા દર્શન કરવા માટે આવેલ ચોર શખ્સ મહિલાને ઘરની ચાવી ખુંટીએ લટકાવતા જોઈ ગયો હતો. ત્યારબાદ ચાવી લઈ ઘર ખોલી તપાસ કરતા સોના -ચાંદીના દાગીના મળી કુલ રૂ.૧.૯૮ લાખની મત્તાની ચોરી થવા પામી છે.ત્યારબાદ ઘરની ચાવી લટકાવી દેવામાં આવી હતી. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા ગામના નવાપુરા રહેતા રાહુલ ઠાકોરના બંધ રહેણાંક મકાનમાંથી રૂ.૧.૯૮ લાખની ચોરી થઈ હતી. જેની ફરીયાદ ડભોડા પોલીસ મથકે નોંધાઈ હતી. જેને પગલે એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની ટીમ સ્થળની મુલાકાત કરી તપાસ હાથ ધરી હતી. ત્યારે શહેરના સેકટર-૩૦ સર્કલ પાસેથી બાતમીને પગલે એકટીવા સાથે હરીશ પૂનમભાઈ મારવાડી (રહે જી-વોર્ડ માયા ટોકીઝ પાસે કુબેરનગર સરદારનગર) ને પકડી પાડ્યો હતો. પોલીસે એકટીવાની ડેકી ચેક કરતા તેમાં સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ.૨.૪૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી હરીશ મારવાની કડક પુછપરછ હાથ ધરવામાં આવતા જાણવા મળ્યું કે ગત તા.૨૩ ના રોજ હરીશ ડભોડા મંદિરે દર્શન કરવા માટે આવ્યો હતો. તે સમયે નવાપુરા વાસમાં રહેતા એક બહેનને ઘર બંધ કરીને બહાર ચાવી ટીંગાડેલી હાલતમાં હતી. તે સમયે તેણે ટીંગાડેલી થેલીમાંથી ચાવી લઈ ઘર ખોલી અંદર પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના ચોરીને ઘરને તાળુ મારી ચાવી પરત જે તે જગ્યાએ લટકાવી નાસી ગયો હતો. ત્યારે એલસીબી પોલીસે બાતમીને પગલે સેકટર-૩૦ સર્કલ પાસેથી પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.જયારે હરીશ મારવાડી સામે નરોડા પોલીસ મથકે ઘરફોડ તેમજ વાહનચોરીના ગુના નોંધાયા છે.



ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘના સેમીનારમાં ચીફ કમિશનર રતીલાલ સી. જોષીનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું.

## ગાંધીનગર મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા ૨૧ તબીબી શિક્ષકોની બદલી

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા ૨૧ તબિબિ શિક્ષકોની બદલીકરી દેવામાં આવી છે. જેમાં પોરબંદર અને ગોધરામાં ૧૪ તબિબિ શિક્ષકોની બદલીના ઓર્ડર કરાયા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીની સારવાર માટે આમ પણ ડોકટરોની ઘટ છે.

આ સ્થિતિ વચ્ચે તબિબિ શિક્ષકોની બદલીકરી દેવામાં આવતા સિવિલ હોસ્પિટલના બિછાને સારવાર લેતા દર્દીઓની હાલત કફોડી થશે તેમ પણ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓની સંખ્યા સામે આમ પણ ડોકટરોની ઘટ વર્તાય છે. આ સ્થિતિ વચ્ચે પર્યાપ્ત ડોકટરો નહી હોવા છતા ૨૧જેટલા તબિબિ શિક્ષકોની બદલીના આદેશ કરાયા છે. ડોકટરોની ઘટ વચ્ચે ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા મેડીકલ કોલેજોને મંજુરી આપવામાં આવી રહી છે. બીજીતરફ ડોકટરોની અછત વચ્ચે મેડીકલ કોલેજની સંખ્યા વધારવા માટે પણ સરકારની મહત્વાકાંક્ષા છે. મેડીકલ કાઉન્સિલનું ઈન્સ્પેકશન હોય તેવા સંજોગોમાં પણ જિલ્લાની મેડીકલ કોલેજના સ્ટાફને બદલવામાં આવે છે.

જયારે એમસીઆઈને પુરતા ડોકટર હોવાનું દર્સાવી જરુરી મંજુરી પણ મેળવી લેવાય છે. જયારે આ તબિબોને તુરંત તેમની મેડીકલ કોલેજોમાં પણ બાદમાં મુકી દેવામાં આવે છે.

જેના લીધે ડોકટરોની ઘટનો પ્રશ્ન હલ થતો નથી.જયારે આ નિતી અપનાવી પોરબંદર અને ગોધરાની મેડીકલ કોલેજ ખાતે બદલીના આદેશ કરાયા છે.જેમાં ગાંધીનગર મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા ટયુટર થી માંડી પ્રાધ્યાપક સુધીના ૨૧ તબિબિ શિક્ષકોની બદલીના આદેશ કરી દેવામાં આવ્યા છે.

## ખૂણેખાંચરેથી

● રાજયના પશુધનમાં દેખાયેલ લમ્પી રોગચાળાને લઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ડેરીના સહકારી ક્ષેત્રના આગેવાનો સાથે આજે બેઠક કરી હતી.

● નીતિ આયોગના સી.ઈ.ઓ. પરમેશ્વરન ઐય્યર આજે ગાંધીનગરની મુલાકાતે હતા.

● ગાંધીનગર જિલ્લાના ક્વોલીટી આરોગ્ય અધિકારી ડૉ. ધર્મેશ પરીખ દિલ્હી તાલિમ માટે ગયા છે.

● મહિલા આર્થિક વિકાસ નિગમના ઉપક્રમે આજે વોર્ડ નં. ૧૦માં ઈ.શ્રમ કાર્ડ મહિલાઓ માટેનો કેમ્પ યોજાયો હતો જેમાં કાઉન્સીલરો તેજલબેન નાયી, મીરાબેન પટેલ હાજર રહ્યા હતા.

● મહાનગર કિસાન મોરચો અને વોર્ડ નં. ૧૧ ભાજપના કાર્યકર્તાઓ દ્વારા આજે ભાટ ગામમાં હુડકો પ્રા. શાળા ખાતે વૃક્ષારોપણ યોજાયુ હતુ.

● જિલ્લામાં આજે દિવસ દરમ્યાન વરસાદે વિરામ લેતાં લોકોએ રાહત અનુભવી હતી.

● ધરોઈ જળાશયમાં હજુ સુધી ૩૩.૩૯ ટકા જેટલુ પાણી ભરાયુ છે.

● ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણીના ખાબોચિયા થતાં મચ્છરોની ઉત્પત્તિ વધવાનો ભય ઉભો થયો છે.

● આજે ગાંધીનગરમાં મુલાકાતીઓ જિલ્લાની કચેરીઓમાં અને સ્વર્ણિમ સંકુલમાં ઓછા જણાયા હતા.

● આજે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ વસંત વિહાર ખાતે તા. ૨૯ના રોજ તેમના સમર્થકો અને શુભેચ્છકોની બેઠક બોલાવી છે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૬ શાખા દ્વારા ૨૯મીના રોજ સંતોષી માતાના મંદિર સે. ૨૫ ખાતે શિવ મહિમ્ન પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

● શહેરમાં આજે ૧૨૨૦ લોકોને કોરોના વેકિસનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.


## આર્ષ શોધ સંસ્થાન

**અક્ષરધામ, સેકટર-૨૦, ગાંધીનગર**

## ભરતી માટેની જાહેરાત

આર્ષ શોધ સંસ્થાન, અક્ષરધામ, ગાંધીનગર ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત તેમજ યુ.જી.સી.માન્યતા પ્રાપ્ત શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી, વેરાવળ સંલગ્ન સ્વનિર્ભર સંશોધન સંસ્થા માટે સંસ્કૃત માધ્યમમાં સંશોધનની કામગીરી કરાવી શકે તેવા નીચે જણાવેલ જગ્યાઓ માટે ભારતીય નાગરિકો પાસેથી આવેદનપત્ર આમંત્રિત કરવામાં આવે છે. એસોસીયેટ પ્રોફેસર-૧ : વિષય : સ્વામિનારાયણ વેદાંત-હીન્દી આસિસ્ટન્ટ પ્રોફેસર-૧ : વિષય : સ્વામિનારાયણ વેદાંત વાસ્તુ જ્યોતિષ, સૂચનાઓ (૧) નોકરી કરતાં ઉમેદવારોએ સંસ્થાના વડા મારફત અરજી મોકલવી (૨) ઉમેદવારે પોતાની અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાના ૨૦ દિવસમાં સંપૂર્ણ વિગતો સાથે રજી.એડી.થી નિયામકશ્રી, આર્ષ શોધ સંસ્થાન, અક્ષરધામ સેકટર-૨૦ ગાંધીનગરને તા.૧૮/૮/૨૦૨૨ સુધીમાં મોકલવાની રહેશે. સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ અમાન્ય રહેશે. (૩) નિમણૂંક પામનાર ઉમેદવારને યુનિવર્સિટી તેમજ સંસ્થાના વખતોવખતના બધા નિયમો બંધનકર્તા રહેશે. (૪) જે ઉમેદવારની અરજી માન્ય રહેશે તેઓના નામની યાદી તા.૨૩-૮-૨૦૨૨ના રોજ https://research.baps.org/aarsh-gandhinagar/professor-application વેબસાઈટ પર મુકવામાં આવશે. (૫) માન્ય રહેલા ઉમેદવારોનો ઈન્ટરવ્યુ તા.૨૬-૦૮-૨૦૨૨ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે આર્ષ શોધ સંસ્થાન, અક્ષરધામ, ગાંધીનગર, ગુજરાત ખાતે આયોજિત કરવામાં આવશે જેમની દરેક ઉમેદવાર નોંધ લેવી (૬) અરજી કરવા માટેનું નિયમ નમૂનાનું ફોર્મ તથા જરૂરી સૂચના https://research.baps.org/aarsh-gandhinagar/professor-application વેબસાઈટ ઉપરથી મળશે.

**નિયામકશ્રી,**
**આર્ષ શોધ સંસ્થાન,**
**ગાંધીનગર**





## ચિલોડા ખાતે દશામા પર્વ નિમિત્તે દશામાની મૂર્તિઓ અને પૂજાપાનું બજાર ધમધમી ઉઠ્યું

ચિલોડા, તા. ૨૭

અષાઢ માસના અંતિમ દિવસ-દિવાસાના દિવસે અને શ્રાવણ માસનો શુભારંભે દસ દિવસ દશામાની આરાધના-અર્ચના-પૂજા માટે દશામાની મૂર્તિનું સ્થાપન-પૂજા-અર્ચનાના દિવસોથી ધાર્મિક શ્રદ્ધા ભાવના વ્યક્ત કરવાનો રૂડો ધાર્મિક પ્રસંગ એટલે દશામાનું વ્રત. ચિલોડા જંકશન મથક વાર-તહેવાર હોળી-દિવાળી કે ઉતરાણ જેવા ધાર્મિક પર્વ ચિલોડા ઉત્સવ પ્રિય લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. ત્યારે અષાઢ અમાસથી ૧૦ દિવસ દશામાનું વ્રતનો તહેવાર શ્રદ્ધાપૂર્વક ઉજવણીરૂપે ચિલોડા બજારમાં સીઝનેબલ ધંધા-રોજગાર રૂપે નાના-મોટા વેપારીવર્ગ તહેવારને અનુરૂપ માલસામાનની ખરીદી-વેચાણ માટે હાલમાં દશામાનું વ્રત પૂર્વે રંગબેરંગી નાની-મોટી ૧૦૦ રૂ. થી ૧૨૦૦ રૂ.ની કિંમતની આકર્ષક મૂર્તિઓનું બજાર પૂજાપા સહિત ધમધમી ઉઠ્યું છે. જ્યાં નજર નાંખો ત્યાં દશામાંથી મૂર્તિઓની હાટડીઓ, સ્ટોલો, દુકાનો, લારીઓ, પાથરણારૂપે બજાર બનતા લોકમેળાનો માહોલ જામશે.

